**કૃપાકરી પ્રસિધ્ધી માટે–** **૧૩ માર્ચ ૨૦૦૯**

## વ્યંકૈયા નાયડુ રવિવારે ઉત્તર મુંબઈમાં ભાજપના મહાસંમ્મેલનમાં આવશે

**મુંબઈ,શુક્રવાર :** લોકસભા ચૂંટણીનું બ્યુગલ ફૂંકાઈ ગયું છે.યુતી નો ગઢ તેવા ઉત્તર મુંબઈ લોકસભા મતદાર સંઘમાં ભારતીય જનતા પક્ષના સભ્યોનું મહાસંમ્મેલન આયોજીત કરવામાં આવેલ છે.ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી વ્યંકૈયા નાયડુની પ્રમુખ ઉપસ્થિતીમાં રવિવાર ૧૫ માર્ચ ના કોરા કેંદ્ર ,બોરીવલી પશ્ચિમ ખાતે આ મહાસંમ્મેલન આયોજીત કરવામાં આવેલ છે,આ મુજબની માહિતી ભાજપ ઉત્તર મુંબઈ અધ્યક્ષ શ્રી યોગેશ સાગરે આજે બહાર પાડેલ અખબારી યાદી માં આપેલ છે.

ઉત્તર મુંબઈ એ ભાજપનો ગઢ બનાવનારાં માજી કેંદ્રિય પ્રધાન શ્રી રામ નાઈક,ભાજપનાં મહારાષ્ટ્ર પ્રદેશ અધ્યક્ષ શ્રી નિતીન ગડકરી,તેમજ ભાજપના મુંબઈ નાં અધ્યક્ષ અને ધારાસભ્ય શ્રી ગોપાળ શેટ્ટી પણ આ સંમ્મેલનમાં માર્ગદર્શન કરવાનાં છે,તેમ શ્રી યોગેશ સાગરે આવેળાં કહ્યું હતું.

ભાજપના પ્રાથમિક સદસ્ય,તેમજ હિતચિંતક અને સમર્થકોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી મહાસંમ્મેલન સફળ કરવાનું આવાહ્ન પણ શ્રી યોગેશ સાગરે કરેલ છે.એક તરફ સાંસદ હોઈને પણ શ્રી ગોવિંદા મતદારસંઘમાં ફરકયા પણ નથી;જયારેકે બીજી બાજૂ લોકસભામાં ન હોવા છતાંયે શ્રી રામ નાઈક જનસંપર્ક અને જનહિત નાં કાર્યો સતત ચાલૂ રાખ્યાં છે.ધારસભ્ય શ્રી ગોપાળ શેટ્ટી અને ભાજપનાં નગરસેવકોએ પણ પોતાના કાર્યો થી ઉત્તર મુંબઈ માં મોટા પ્રમાણમાં ભાજપ સમર્થકો નિર્માણ કરેલ છે.માટે સર્વેએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવું એમ પણ શ્રી યોગેશ સાગરે આવાહ્ન કરેલ છે.

**(કાર્યાલય સચિવ)**